દિવ્યાંગજનો માટેની રાજ્યકક્ષાની સાંકેતિક ભાષાની સુવિધા સાથેની હેલ્પલાઇનનો સમય ૨૪*૭ના બદલે અઠવાડિયાના સાત દિવસ સવારના ૮:૦૦ કલાકથી રાત્રિના ૮:૦૦ કલાક કરવા અંગેનો સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક: **SJED/NIR/e-file/17/2021/0002/CHH-1 Section**
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩/૦૯/૨૦૨૨.

<u>વંચાણે લીધા</u>:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંક: **SJED/NIR/efile/ 17/2021/ 0002/CHH-1 Section**, તા.૧૩/૦૪/૨૦૨૨.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: DSD// e-file/226/2022/0007 /APG Branch/4942, તા.૨૮/૦૪/૨૦૨૨નો.

<u>પ્રસ્તાવના</u> :-

રાજ્યમાં દિવ્યાંગજનો માટેની રાજ્યકક્ષાની સાંકેતિક ભાષાની સુવિધા સાથેની ૨૪*૭ હેલ્પલાઇન શરૂ કરવા વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં મંજૂર થયેલ રૂ.૨૫.૦૦/-લાખ (અંકે રૂપિયા પચીસ લાખ પુરા)ની ખર્ચ કરવાની વહીવટી મંજૂરી વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના ઠરાવથી આપવામાં આવેલ છે. કોવીડ-૧૯ની પરિસ્થિતિમાં સુધારો થયેલ હોવાથી સદર હેલ્પલાઇનનો સમય ૨૪*૭ના બદલે અઠવાડિયાના સાત દિવસ સવારના ૮:૦૦ કલાકથી રાત્રિના ૮:૦૦ કલાક માટે રાખવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>સુધારા ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં દિવ્યાંગજનો માટેની રાજ્યકક્ષાની સાંકેતિક ભાષાની સુવિધા સાથેની હેલ્પલાઇન માટે ફાળવેલ રૂ.૨૫.૦૦/-લાખ(અંકે રૂપિયા પચીસ લાખ પુરા)ને નીચે મુજબના સુધારેલ અંદાજો સાથે અઠવાડિયાના સાત દિવસ સવારના ૮:૦૦ કલાકથી રાત્રિના ૮:૦૦ કલાક માટે શરૂ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવે છે. આ સિવાય વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના ઠરાવની શરતો યથાવત રહેશે.

| ક્રમ | વિગત | અંદાજીત માસિક ખર્ચ | અંદાજીત વાર્ષિક ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૧૨૦૦ ચો.ફુટ ની જગ્યા (સદર ભાડું માર્ગ અને મકાન વિભાગના વાજબી ભાડાના પ્રમાણપત્ર આધારે ચુકવવામાં આવશે) | ૧૫,૦૦૦/- | ૧,૮૦,૦૦૦/- |

<table>
<tr><td>૨</td><td>૪ કોમ્પ્યુટર ( કોમ્પ્યુટર દીઠ ૫૫,૦૦૦/- અંદાજીત) (પાંચ વર્ષમાં એક વખત)</td><td></td><td>૨,૨૦,૦૦૦/-</td></tr>
<tr><td>૩</td><td>૩ કોમ્પુટર કેમેરા અને હેડ ફોન (કેમેરા અને હેડ ફોન દીઠ રૂ.૨૦,૦૦૦/- અંદાજીત ) (પાંચ વર્ષમાં એક વખત)</td><td></td><td>૬૦,૦૦૦</td></tr>
<tr><td>૩</td><td>૨ સ્કેનર સહ પ્રિન્ટર (અંદાજીત એક ના ૨૦,૦૦૦/-) (પાંચ વર્ષમાં એક વખત)</td><td></td><td>૪૦,૦૦૦/-</td></tr>
<tr><td>૪</td><td>સર્વર</td><td></td><td>૧,૫૦,૦૦૦/-</td></tr>
<tr><td>૫</td><td>હેલ્પ લાઇન માટેના જરૂરી સોફ્ટવેર</td><td></td><td>૧,૧૦,૦૦૦/-</td></tr>
<tr><td>૬</td><td>માનવબળ
<table>
<tr><th>ક્રમ</th><th>જગ્યાનું નામ</th><th>સંખ્યા</th><th>માસિક ખર્ચ</th></tr>
<tr><td>૧</td><td>પોગ્રામ મેનેજર કમ આઇ ટી લીડર</td><td>૧</td><td>૩૫,૦૦૦</td></tr>
<tr><td>૨</td><td>કોલ ઑફિસર્સ (ઉકત કોલ ઓફિસર્સમાં ૫૦% સાઇન લેન્ગવેજ જાણતા હોવા જોઇએ)</td><td>૦૫ (એક વ્યક્તિ દીઠ ૨૦,૦૦૦ ખર્ચ મુજબ)</td><td>૧,૦૦,૦૦૦</td></tr>
<tr><td colspan="3">કુલ</td><td>૧,૩૫,૦૦૦/-</td></tr>
</table></td><td>૧,૩૫,૦૦૦ /-</td><td>૧૬,૨૦,૦૦૦/-</td></tr>
<tr><td>૭</td><td>હેલ્પલાઇન સેન્ટરના નિભાવ ખર્ચ (વીજળી, પાણી, અને વાતાનુકુલિત રાખવાનો ખર્ચ, સ્ફાઇ ખર્ચ અને પટાવાળા)</td><td>૧૦,૦૦૦/-</td><td>૧,૨૦,૦૦૦/-</td></tr>
<tr><td colspan="3">કુલ</td><td>૨૫,૦૦,૦૦૦/-</td></tr>
</table>

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૩/૦૯/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રમેશ ગામેતી)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેકટર-૧૦, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઈલ.